Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/ ૩૨૨૫

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૧૪/૦૩/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક તમામ શાળાઓ તરફ

આ સાથે સામેલ નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,કચેરી સુરતના પત્ર ક્રમાંકઃ અજાક/પ્રિ-મેટ્રિક/૨૦૨૩-૨૪/૭૮૪ અને ૭૮૫ થી ૭૮૭ તા.૧૧/૦૩/૨૦૨૪ અન્વયે જાણ તથા અમલ થવા સારુ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

**ખૂબ જ અગત્યનું/તાત્કાલિક**

## નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,

સી-૬, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત

Email ID :- swo-sur@gujarat.gov.in

નં.-ના.નિ.અજાક/પો.મેટ્રીક/૨૦૨૩-૨૪/૭૮૪ ફોન નં. ૦૨૬૧ - ૨૪૬૪૪૩૦

પ્રતિ તા.07/03/2024

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત. ૧૧/૦૩

વિષય:- વર્ષ - ૨૦૨૩-૨૪ ની ડિજીટલ ગુજરાત પોર્ટલમાં આચાર્ય લેવલ પરની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિની પડતર અરજીઓનો તાત્કાલિક નિકાલ કરવા બાબત

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોષ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ 2023-24 ની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોષ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ઘણી દરખાસ્તો ડિજીટલ ગુજરાત પોર્ટલમાં આચાર્ય લેવલ પર પડતર રહેલ છે તેવું જણાયેલ છે.

શૈક્ષણિક વર્ષ 2023-24 પૂર્ણ થવાના થોડા જ દિવસો બાકી હોવા છતાં સુરત જિલ્લાની ઘણી ઉચ્ચતર માધ્યમિક શાળાઓની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની (ધો -11 અને 12) ની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાની કામગીરી પૂર્ણ થયેલ નથી તથા digital gujarat પોર્ટલ પર આચાર્ય લેવલ પર પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાની અરજીઓ પડતર રહેલ છે તેવું જોવા મળેલ છે. નિયામક ,અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની સૂચના મુજબ શૈક્ષણિક વર્ષ 2023-24 ની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોષ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી તા-15/03/2024 સુધી પૂર્ણ કરવા જણાવેલ છે. આથી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળા ને તા-13/03/2024 સુધીમાં તાત્કાલીક પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની અરજી DIGITAL GUJARAT PORTAL મારફત online મોકલવી તથા હાર્ડ કોપી ચેક લીસ્ટ મુજબ તમામ જરૂરી સાધનિક કાગળો સહિત ઘટતિ કાર્યવાહી કરી અત્રેની કચેરી ને રજૂ કરવા આપની કક્ષાએથી જણાવવા વિનંતી છે. **કોઇ શાળાને સદર કામગીરી બાબતે કોઇ કવેરી હોય તો અત્રેની કચેરીના કર્મચારીના મો.નં-૭૮૭૪૭ ૪૬૫૯૨ પર સંપર્ક કરવાનો રહેશે.**

વધુ માં જણાવવાનું કે જો કોઇ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ અત્રેની કચેરી દ્વારા રિજેક્ટ કે પૂર્તતા માટે પરત કરવામા આવેલ છે. તેની યોગ્ય પૂર્તતા કર્યા બાદ જ અરજી ઓનલાઇન મોકલવાની રહેશે.ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લઇ વર્ષ : 2023-24 ની કામગીરી પૂર્ણ કરવા વિનંતી અને જો કોઇ વિદ્યાર્થી શિષ્યવૃત્તીના લાભથી વંચિત રહી જશે તો તેની તમામ જવાબદારી જે-તે શાળા/કોલેજ ના આચાર્યશ્રીની રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ,
સુરત

સવિનય નકલ રવાના-
માન. નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર તરફ જાણ સારૂ

શિક્ષણ... ની કચેરી, સુરત.
1624

**<u>ખૂબ જ અગત્યનું/તાત્કાલિક</u>**

# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,

સી-૯-, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત
Email ID:- swo-sur@gujarat.gov.in
ફોન નં ૨૪૬૪૪૩૦ – ૦૨૬૧.

નં.ના.નિ.અજાક/પ્રિ-મેટ્રિક/૨૦૨૩-૨૪/ [illegible]

તા:-07/03/2024

પ્રતિ
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,સુરત
(૩) શાસનાધિકારીશ્રી, સુરત

1605

વિષય :- અનુસૂચિત જાતિના ધો-૧ થી ૧૦ ના વિધાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ તથા સાયકલની યોજનાની બાકી કામગીરી પૂર્ણ કરવા બાબત.

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અનુસૂચિત જાતિના ધો-૧ થી ૧૦ ના વિધાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ તથા સાયકલ યોજનાનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ: ૨૦૨૩-૨૪ અંતર્ગત શાળા કક્ષાએ પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાની ઘણી દરખાસ્તો પડતર રહેલ છે તેવું જણાયેલ છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ પુર્ણ થવાના થોડા જ દિવસો બાકી હોય તે અંગેની પ્રિંસિપાલ લેવલ પરની પડતર કામગીરીની ૨(બે) એક્ષેલ ફાઇલ પણ આ સાથે સામેલ રાખેલ છે. એક એક્ષેલ ફાઇલમાં એવી શાળાઓની યાદી છે જેઓએ ડિજીટલ ગુજરાત પોર્ટલ પર પ્રપોઝલ બનાવેલ છે. પરંતુ પ્રપોઝલ સેન્ડ કરેલ નથી નથી અને બીજી એક્ષેલ ફાઇલમાં એવા વિધાર્થીઓની યાદી છે જે વિધાર્થીઓના બેંક એકાઉન્ટ વેરીફાઇડ છે છે પરંતુ તેઓની પ્રપોઝલ બનાવવામાં નથી આવેલ.સદર કામગીરી પુર્ણ કરવા અત્રેની કચેરીએથી વારંવાર પત્ર પાઠવેલ હોવા છતાં હજુ ઘણી બધી શાળાઓ દ્વારા સદર કામગીરી પુર્ણ કરેલ ન હોય અને પત્રની અવગણા કરેલ હોય તેવુ જણાય આવેલ છે જેથી તાકીદે જણાવવામાં આવે છે કે સદર કામગીરી તા.૧૧/૦૩/૨૦૨૪ સુધીમાં પુર્ણ કરવી જેથી ઉપલી કક્ષાએ જણાવેલ તારીખ ૧૫/૦૩/૨૦૨૪ સુધીમાં મળેલ અરજીઓનું ચુકવણુ અત્રેની કચેરી દ્વારા કરી શકાય. વધુમાં જણાવવાનું કે અત્રેની કચેરી દ્વારા વારંવાર ક્વેરી આપેલ કે મહાર, માંગ, માંતગ ,વગેરે જાતિના ગુજરાત રાજ્યનો પિતાનો અથવા વિધાર્થીનો જાતિનો દાખલો ફરજીયાત શાળાએ અત્રેની કચેરીને રજુ કરવાનો રહેશે.છતાં પણ જે-તે શાળાના પ્રિન્સિપાલશ્રી સદર ક્વેરીને ચેક કર્યાવગર જ પ્રપોઝલ બનાવી અત્રેની કચેરીને મોકલી આપે છે. આવુ ન કરતા પ્રિસિપાલ લેવલ પરની પડતર કામગીરી જાતે જ ચેક કરી .**<u>અત્રેની કચેરીને તા.૧૩/૦૩/૨૦૨૪ સુધીમાં દરખાસ્તો ઓનલાઇન મળી જાય તે રીતે કાર્યવાહી કરવા આપની કક્ષાએથી સૂચના આપવા વિનંતી છે. કોઇ શાળાને સદર કામગીરી બાબતે કોઇ ક્વેરી હોય તો અત્રેની કચેરીના કર્મચારીના મો.નં.-81400 47670 પર જે-તે પ્રિન્સિપાલશ્રીએ સંપર્ક કરવાનો રહેશે.</u>**

**વધુમાં જણાવવાનું કે હજુ ઘણી બધી શાળાઓમાં સાયકલની દરખાસ્ત બનાવવામાં આવેલ ન હોય ફાળવેલ લક્ષ્યાંક મુજબની સાયકલીની દરખાસ્ત મળેલ નથી. જેથી સાયકલની દરખાસ્ત તાત્કાલિક બનાવી અત્રેની કચેરીને તાત્કાલીક મોકલી આપવા વિનંતી છે.** જો કોઇ વિધાર્થી શિષ્યવૃત્તિના લાભથી વંચિત રહી જશે તો તેની સઘળી જવાબદારી જે-તે શાળાના આચાર્યશ્રીની રહેશે. જેની તાકીદે નોંધ લેવા વિનંતી છે.

બિડાણ - ૨(બે) એક્ષેલ ફાઇલ

**નાયબ નિયામક**
**અનુસૂચિત જાતિ કલ્યાણ**
**સુરત**